માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટેના પુન:સ્થાપન ગૃહોમાંની હંગામી જગાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૨૫૭૫૧૦/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૦૨/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૦/૧૦/૨૦૧૯નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૯/૦૨/૨૦૨૦નો ઠરાવ.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૧૧/૦૧/૨૦૨૧નો પત્ર નં.મકમ/હંગામીજગ્યા/ મુ.વ./૨૦-૨૧/૨૧૯

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૦/૧૦/૨૦૧૯ના ઠરાવથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે રાજ્યમાં અમદાવાદ,ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા અંગેની વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબતની કુલ રૂ.૧૭૨.૯૨ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેમાં કુલ-૧૨૬ હંગામી જગાઓ ઉભી કરાયેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૦ ના ઠરાવથી કુલ ૧૨૬ હંગામી જગાઓમાંથી ભરાયેલ ૮૪ જગ્યાઓને તથા ૧ વર્ષથી ઓછા સમયથી ખાલી એવી ૪૨ જગાઓને ભરાયેલ હોવાની શરતે તા.૦૧/૦3/૨૦૨૦ થી તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. આ કુલ ૧૨૬ જગાઓની મુદ્દત વધુ એક વર્ષ માટે તા.૦૧/૦3/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (3) પરના તા.૧૧/૦૧/૨૦૨૧ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના તા.૧૧/૦૧/૨૦૨૧ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરૂષો માટે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહોની નીચેના કોષ્ટકની વિગતે કુલ-૧૨૬ હંગામી જગાઓમાંથી ભરાયેલ ૧૦૭ જગાઓને તથા ૧ વર્ષથી ઓછા સમયથી ખાલી એવી ૧૯ જગાઓને ભરાયેલ હોવાની શરતે તા.૦૧/૦૩/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

સમાજ સુરક્ષા ખાતા હેઠળના માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ / પુરૂષો માટે પુન:સ્થાપન ગૃહો અમદાવાદ , ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે) , રાજકોટ , ભુજ , સુરત , જામનગર , વડોદરાની હંગામી જગ્યાઓની વિગત દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | એક વર્ષથી નીચેની | એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અધિક્ષક/ઓફિસર ઇનચાર્જ | ૩ | ૭ | ૭ | - | - | - |
| ૨ | ગૃહમાતા/ગૃહપતિ | ૩ | ૧૪ | ૦૨ | ૧૨ | - | - |
| ૩ | સીની.કલાર્ક/એકાઉન્ટન્ટ | ૩ | ૦૭ | - | ૦૭ | - | - |
| ૪ | એટેન્ડન્ટ(આઉટસોર્સ) | ૪ | ૨૮ | ૨૮ | - | - | - |
| ૫ | રસોયા(આઉટસોર્સ) | ૪ | ૦૭ | ૦૭ | - | - | - |
| ૬ | મદદ.રસોયા(આઉટસોર્સ) | ૪ | ૦૭ | ૦૭ | - | - | - |
| ૭ | હાઉસ કીપર(આઉટસોર્સ) | ૪ | ૦૭ | ૦૭ | - | - | - |
| ૮ | ચોકીદાર(આઉટસોર્સ) | ૪ | ૧૪ | ૧૪ | - | - | - |
| ૯ | સ્વીપર(આઉટસોર્સ) | ૪ | ૧૪ | ૧૪ | - | - | - |
| ૧૦ | નર્સિંગ સ્ટાફ(કેરગીવર) | ૩ | ૦૭ | ૦૭ | - | - | - |
| ૧૧ | વીઝીટીંગ સાયકીયાટ્રીસ્ટ | ૨ | ૦૭ | ૦૭ | - | - | - |
| ૧૨ | વીઝીટીંગ મેડીકલ ઓફિસર | ૨ | ૦૭ | ૦૭ | - | - | - |
| | કુલ | | ૧૨૬ | ૧૦૭ | ૧૯ | - | - |

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સરખા ક્રમાંકના તા.૧૦/૧૦/૨૦૧૯ના ઠરાવની અન્ય શરતો/વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.) તથા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૧/૦૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patel D C

( ડી. સી. પટેલ )

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી- ૧, બ્લોક નં.૨ , કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારું.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.